| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ. | ૨૪/૦૫/૨૦૧૮ | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૨૪/૦૫/૨૦૧૮ | | |
| ફેંસલ કર્યા તારીખ | **૦૮/૦૧/૨૦૧૯** | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**<u>હળવદના મહે. એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**

**<u>મુ.હળવદ</u>**

**ફોજદારી કેસ નંબર :: ૧૬૨/૨૦૧૮**

**આંક :**

**મીલનભાઈ વૃજલાલ કોરડીયા**
રહે. બ્લોક નં. ૧૪૬, ચંદ્રપાર્ક સોસાયટી,
સરા રોડ, હળવદ તા.હળવદ જી.મોરબી

......................ફરીયાદી

–::વિરુધ્ધ::–

**મે.રવજીભાઈ પટેલ એન્ડ સન્સના પ્રોપરાઈટર,**
**જયંતિભાઈ આર.પટેલ,**
C/o. દર્શન ફુડ પ્રા.લિ.,
હરીપર રોડ,
મહુવા જી.ભાવનગર

......................આરોપી

ફરીયાદી તરફે વિ.વ.શ્રી :– એમ.એમ.વાઘેલા
આરોપી તરફે વિ.વ.શ્રી :– એચ.એન.મહેતા

ગુનો:–**<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ</u>**

Addi. Chief Judicial Magistrate,
Halvad.

**–::હુકમ::–**

(૧) આ કામના ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલ છે. અત્રેની કોર્ટ દ્વારા તા. ૨૪/૫/૨૦૧૮ નાં રોજ ફરીયાદીની સી.આર.પી.સી.ની કલમ ૨૦૨ની જોગવાઈઓ અન્વયે વેરીફીકેશન લેતા આ વેરીફીકેશન અન્વયે આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ ૨૦૪ અન્વયે પ્રોસેસ આરોપી સામે તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ હાજર થવા સંબધે ઈસ્યુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૬ થી આરોપીના વિધ્વાન વકીલશ્રી દ્વારા વકીલપત્ર રજુ રાખવામાં આવેલ છે અને આંક–૭ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી હાજર ન રહેતા સદર કામ વોરંટ ઉપર મુલતવી રહયુ છે.

(૨) આ કામે ફરીયાદીની ફરીયાદની હકીકતો જોવામાં આવેતો, આ કામના ફરીયાદીને ડુંગળીનો પાક વેચાણ કરવા માટે અજયભાઈ આચાર્યને વાત કરેલ જે દરમ્યાન આરોપીએ પણ અજયભાઈ આચાર્યને જણાવેલ કે મારે ડુંગળીની જરૂરીયાત છે તો મને કોઈપણ ખેડુત પાસેથી ડુંગળી અપાવજો અને તમારુ કમીશન ચુકવી આપીશ. જેથી હળવદના અજયભાઈ આચાર્ય આ કામના ફરીયાદીના પરિચિત હોય અજયભાઈ અચાર્ય તથા કમીશન એજન્ટ વચ્ચે રાખી આરોપીએ તા. ૧૪/૨/૨૦૧૭ થી તા. ૪/૩/૨૦૧૭ દરમ્યાન કુલ હિસાબે નીકળતી રકમ રૂા. ૧૩,૧૪,૧૭૬/– પુરાની ડુંગળી આરોપીને વેચાણ આપેલ અને તે ડુંગળી અજયભાઈ આચાર્યના જલારામ ટ્રાન્સપોર્ટ મારફત આરોપી લઈ ગયેલા હતા.

ઉપરોકત વિગતે આરોપીએ ડુંગળીની કુલ લેણી રકમમાંથી આરોપીએ (૧) રૂા. ૬૬૦૦૦/– પુરા ચેક નંબર ૬૭૩૨૪૦ તા. ૧૬/૧/૧૮ તથા (૨) રૂા. ૧૯૮૦૦૦/– પુરાનો ચેક નંબર ૬૭૩૨૪૩ તા. ૧૬/૧/૧૮ નો ચેક એમ બે ચેકો ભારતીય સ્ટેટ બેંક,મહુવાના ખાતાના આરોપીએ ફરીયાદીના નામજોગ લખી આપેલા. સદરહું બંને ચેકો આ કામના ફરીયાદીએ તા. ૭/૨/૧૮ નાં રોજ એસ.બી.આઈ.,હળવદ શાખામાં તેઓના ખાતામાં જમા કરાવતા ફંડ

અનસફીયન્સ ના શેરા સાથે રીટર્ન થયેલ. ત્યારબાદ આરોપીને સદરહું ચેકો રીટર્ન થયાની જાણ આરોપીને કરતા દોઢ મહીના પછી ફરીથી તે બંને ચેકો તમારા ખાતામાં જમા કરાવજો તેવું કહેતા સદરહું બંને ચેકો આ કામના ફરીયાદીએ તા. ૨૮/૩/૧૮ નાં રોજ એસ.બી.આઈ.,હળવદ શાખામાં તેઓના ખાતામાં જમા કરાવતા ફંડ અનસફીયન્સ ના શેરા સાથે ફરીથી રીટર્ન થયેલ.

ત્યારબાદ સદરહું બાબતની જાણ આ ફરીયાદીએ આરોપીને કરતા ઉધ્ધતાપૂર્વક જવાબ આપેલ હોય જેથી ફરીયાદીએ પોતાના વકીલ મારફત તા. ૭/૪/૨૦૧૮ નાં રોજ આરોપીને લીગલ નોટીસ આપેલ જે નોટીસ આસામી મહુવા રહેતા હોય ત્યાં જવા પરત ના શેરા સાથે તા. ૧૧/૪/૨૦૧૮ નાં રોજ રીફયુઝ થયેલી. આમ, લીગલ નોટીસ બજી ગયેલ હોવા છતા ફરીયાદ દાખલ થયા તારીખ સુધીમાં આરોપીએ ફરીયાદીને તેની ચેકમા જણાવેલ રકમ ચુકવેલ નથી. જેથી આ ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે અને આ ફરીયાદ મુજબ દાદ માંગેલ છે જે ધ્યાને લાવવામાં આવે છે.

(૩) આ કામે આરોપી હાજર થયા બાદ ફરીથી ગેર હાજર રહેતા તેઓ સામે વોરન્ટ ઈસ્યુ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ હાજર ન રહેતા તેઓ સામે એક તરફી કાર્યવાહી કરવા માટે ફરીયાદીપક્ષ દ્વારા આંક–૮ થી અરજી આપવામાં આવેલ. જે અરજી સંજોગો ધ્યાને લેતા મંજુર કરવામાં આવેલ છે અને ત્યારબાદ આંક–૨૦ થી તહોમતદારનો ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી આપેલ હોય તે પણ ફરીયાદપક્ષની મંજુર કરવામાં આવેલ છે અને આંક–૨૧ થી પુરાવો પુરો કર્યાની ફરીયાદપક્ષે પુરશીશ આપેલ છે જે રેકોર્ડેડ કરવામાં આવેલ છે. દરમ્યાન આરોપી ઉપર વોરંટ ચાલુ હોય અને આરોપી ઘણા સમયથી આવતો ન હોય તેમ છતા આરોપીના વિ.વ.શ્રી એચ.એન.મહેતા દ્વારા તા. ૨૭/૧૧/૨૦૧૮ નાં રોજ આંક–૨૨ થી કેસ ફાઈલ બોર્ડ પર લેવાની અરજી આપેલ છે અને આંક–૨૩ થી ઉલટતપાસનો હકક ખોલી આપવાની અરજી આપેલ છે જે અરજી કોસ્ટ સાથે નામંજુર કરવામાં આવલ છે અને આ અરજીમાં રૂા. ૨૫,૦૦૦/– ડી.એલ.એસ.એ. મોરબી ખાતે જમા કરવાનો હુકમ કરેલ છે તેમજ

રૂા. ૫૦૦૦/– ફરીયાદીને ચુકવવાનો હુકમ કરેલ છે અને આ અરજીમાં દિન–૩૦ ની મુદત આરોપીપક્ષને આપવામાં આવેલ છે અને આ અરજી તા. ૬/૧૨/૨૦૧૮ નાં રોજ નીર્ણીત કરવામાં આવેલ હોય તેમ છતાં કોઈ કોસ્ટની રકમ જમાં કરાવેલ હોય તેવું આરોપીપક્ષે રેકર્ડ પર લાવેલ નથી. વધુમાં, આરોપીપક્ષે આંક–૨૪ થી વિ.વ.શ્રી એચ.એન.મહેતા દ્વારા કેસ ટ્રાન્સફર કરવા સંબંધેની અરજી કરવામાં આવેલી હોય અને તેમાં કોર્ટ ઉપર તથા અમો પ્રીસાઈડીંગ ઓફીસરશ્રી ઉપર આક્ષેપો કરવામાં આવેલા હોય, જે અરજી ખર્ચ સાથે નામંજુર કરવામાં આવેલ છે અને તેમાં રૂા. ૫૦૦૦/– નો કોસ્ટનો હુકમ કરવામાં આવેલ છે જે આજદીન સુધી આરોપીપક્ષે ભરપાઈ કરેલ નથી. આ બંને અરજીઓમાં આરોપીપક્ષે તા. ૬/૧૨/૨૦૧૮ નાં આરોપીપક્ષે સીન કરવામાં આવેલ છે. આ કામે જે આંક–૨૪ ની કેસ ટ્રાન્સફર કરવાની અરજી અન્વયે અમો પ્રીસાઈડીંગ ઓફીસર ઉપર આક્ષેપો કરવામાં આવેલ હોય તે અંગે આરોપીના એડવોકેટ સામે આગળની કાર્યવાહી કરવાનો હકક અબાધીત રાખવામાં આવેલો છે અને આરોપીના એડવોકેટ શ્રી એચ.એન.મહેતાની વર્તણુક અંગેની જાણ નામદાર ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રી,મોરબીનાને અત્રેના જા.નં. ૮૪૬/૨૦૧૮ થી કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીનું સરતપાસનુ સોગંદનામુ આંક–૪ થી રજુ કરેલ છે અને પોતાની ફરીયાદના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

| ક્રમ નં. | આંક | દસ્તાવેજનુ વર્ણન. |
|---|---|---|
| ૧. | ૯ | ચેક નંબર ૬૭૩૨૪૩ |
| ૨. | ૧૦ | ચેક રીટર્ન મેમો |
| ૩. | ૧૧ | ચેક રીટર્ન મેમો |
| ૪. | ૧૨ | ચેક નંબર ૬૭૩૨૪૦ |
| ૫. | ૧૩ | ચેક રીટર્ન મેમો |

Addi. Chief Judicial Magistrate,
Halvad.

| | | |
|---|---|---|
| ૬. | ૧૪ | ચેક રીટર્ન મેમો |
| ૭. | ૧૫ | લીગલ નોટીસ |
| ૮. | ૧૬ | આર.પી.એડી. સ્લીપ |
| ૯. | ૧૭ | નોટીસ પરત ફર્યોનું કવર |
| ૧૦. | ૧૮. | વજનકાંટા ચીઠ્ઠી કુલ–૧૪ |
| ૧૧ | ૧૯. | કમિશન એજન્ટે આપેલ હિસાબ ચીઠ્ઠી |

ત્યારબાદ આંક–૨૧ થી ફરીયાદપક્ષે કલોઝીગ પુરશીશ રજુ રાખેલ છે જે ઘ્યાને લીધેલ છે. આ કામના આરોપી પ્રથમથી જ ગેર હાજર રહેવાની માનસીકતા ધરાવતા હોય તેવો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થાય છે. ત્યારે ફરીયાદીને ન્યાય મળે તેવા શુભ આશયથી આ કામે આરોપી પક્ષે ઉલટ તપાસનો હકક તેમજ એફ.એસ. હકક તથા દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ દલીલ ઉપર રાખવામાં આવેલ. ફરીયાદપક્ષે વિઘ્વાન વ.શ્રી એમ.એમ.વાઘેલાએ પોતાની ધારદાર દલીલમાં જણાવેલ છે કે, આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા ફરીયાદપક્ષને કાયદેસરનુ લેણુ છે. આરોપીને નોટીસ બજી ગયેલ છે. આરોપીએ પોતાના બચાવ રજુ રાખેલ નથી કે નેગોશીયેબલ એકટની કલમ ૧૩૯ મુજબ કોઈ રીર્બટલ કરેલ નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરી શકેલ હોય ત્યારે આરોપીને વધુ ને વધુ સજા કરવા વધુમાં વધુ વળતર ફરીયાદપક્ષને મળે તેવો હુકમ કરવા અરજ છે.

(૫) સદરહુ કેસમાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત રહેલા છે.

૧.શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે, ફરીયાદ હકીકત મુજબ ફરીયાદી ના કાયદેસર ના લેણા રકમની ચુકવણી પેટે આરોપી એ આપેલ ફરીયાદ વિગત નો ચેકો, ફરીયાદી એ સ્વીકારવા માટે પોતાના બેંક ખાતા માં રજુ કરતા, આ ચેકો વણસ્વીકાર્યે પરત આવેલ છે અને તે અંગે ફરીયાદીએ આરોપીને નોટીસ આપવા છતા આરોપી એ કાયદામાં ઠરાવેલ સમય મર્યાદા માં વણસ્વીકાર્યા પરત આવેલ ચેક ના નાણા ફરીયાદીને ચુકવી આપેલ નથી અને તેમ કરી આરોપી એ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ની જોઈવાઈ મુજબ શિક્ષાને પાત્ર એવો ગુનો કરેલ છે.?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદાઓ સંદર્ભે રજુ પુરાવો તેમજ ફરીયાદપક્ષની દલીલ લક્ષમાં લેતા, ઉપરોકત મુદાઓનો નિર્ણય અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

–// કારણો //–

(૭) **સાબિતનો બોજા અંગેની કાયદાકીય જોગવાઈ**

(૭.૧) આરોપી વિરુઘ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનાનુ તહોમત છે. જે અંગેની ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ જોગાવઈ લક્ષમાં લેતા નીચે મુજબના આવશ્યક તત્વો ફરીયાદી ની ફરીયાદ માં હોવા જોઈએ અને તેવી હકીકત ફરીયાદી એ તેઓના પુરાવા થી પુરવાર કરવાની છે.

૧. કાયદેસરના લેણાની ચુકવણી પેટે આરોપી ઘ્વારા ચેક ઈસ્યુ કરવામાં આવેલ હતો.

૨. ચેક ફરીયાદી ઘ્વારા બેંકમાં રજુ કરવામાં આવેલ હતો.

૩. ચેક બેંક માં રજુ કરતા, વણચુકવ્યો પરત આવેલ હતો.

૪. વણચુકવ્યો પરત ફરેલ ચેક ની રકમ ચુકવવા ચેક લખનાર ને આ કલમની જોગવાઈ મુજબની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ હતી.

૫. નોટીસ બજવા છતા નિયત મુદતમાં ચેક ની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે.

ઉપરોકત કાયદાકિય જોગવાઈ સિવાય ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં કલમ ૧૩૯ માં ધારકની તરફેણમાં અનુમાન કરવા બાબત જોગગાઈ કરવા બાબત જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કેસના નિર્ણય માટે રજુ પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે સંદર્ભે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ૧૩૮ અને કલમ ૧૩૯ અંગે નામદાર સુપ્રીમકોર્ટ તેમજ

નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓથી સ્થાપિત સિધ્ધાંત લક્ષમાં લેવા પડે જે અંગે નીચે મુજબના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

(૭.૨) 2010 AIR(SC) 1898 Rangappa versus Sri Mohan નો ચુકાદો માનસહ વંચાણે લીધે. આ ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે પેરા–૧૪ માં ઠરાવેલ છે કે, કલમ ૧૩૯ માં કાયદેસર નુ લેણુ અસ્તિત્વમાં હતુ તેવા અનુમાન નો સમાવેશ થાય છે. આરોપી એ કલમ ૧૩૯ હેઠળના અનુમાનનુ ખંડન માટેનો પુરાવો સંભાવના ની પ્રબળતા ( preponderance of probabilities ) હોય તેટલી કક્ષાનો આપવો પડશે અને તે માટે આરોપીએ પોતાનો પુરાવો આપવાની જરૂર નથી પરંતુ ફરીયાદી તરફે રજુ પુરાવા પર આધાર રાખીને પણ બચાવ કરી શકે છે. 2009(2) GLR 1240(SC) M/s. Kumar Exports versus M/s. Sharma carpets નો ચુકાદો માનસહ વંચાણે લીધો. પ્રસ્તુત ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે પેરા–૧૦ અને પેરા–૧૧ માં ઠરાવેલ છે કે, ફરીયાદી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટનુ એકઝીકયુશન પુરવાર કરે અથવા આરોપી સ્વીકાર કરે ત્યાર પછી પુરાવાનો બોજો કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ હેઠળનુ અનુમાન ખંડનાત્મક છે અને આરોપીએ અવેજ અથવા દેવુ અસ્તિત્વમાં નહોતુ તેવી સંભાવના સ્વીકારે તેવો ખંડનાત્મક પુરાવો રજુ કરવો પડે.

(૮) મુદા નં.૧ ના નિર્ણય હેતુસર ઉપરોકત ચર્ચા કર્યા મુજબની કાયદાની જોગવાઈ તેમજ નામદાર સુપ્રીમકોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટના ચુકાદાથી સ્થાપીત સિધ્ધાંત અને તે અન્વયે પ્રસ્તુત કેસની હકીકત અને તે અન્વયે રજુ પુરાવો લક્ષમાં લેવામાં આવેલ છે.

(૮.૧) પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા તેઓના પુરાવાના સ્ટેજ અંગે કલોઝીંગ પુરશીશ રજુ થયા બાદ આરોપી તેઓના વિશેષ નિવેદન માટે હાજર રહેલ નથી. આરોપી તેઓના પુરાવાના તબકકે હાજર રહેલ નથી તેમજ આરોપી દલીલના તબકકે હાજર રહેલ નથી અને જેથી આ અંગે જે તે સ્ટેજ અંગે આરોપીના હકક બંધ કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આરોપી વકીલશ્રી મારફતે કેસની કાર્યવાહીમાં હાજર થયેલ છે. જે કારણોસર ગેરહાજરી અંગે કોઈ હકીકત રેકર્ડ પર આરોપી ધ્વારા તેઓના વકીલશ્રી મારફતે રજુ કરેલ ના હોય, આરોપી કેસ ની કાર્યવાહી વિલંબીત કરવા ના ઈરાદા માત્રથી ગેરહાજર રહેલ છે તેવુ રેકર્ડ એન્ડ

પ્રોસીડીંગ્સ લક્ષમાં લેતા માનવાને પુરતુ અને યોગ્ય કારણ છે તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે. આ તબકકે 1996 2 GLH 574; 1996 3 GLR 143 STATE OF GUJRAT VERSUS NARUBHAI AMARBHAI CHANURA ચુકાદો વંચાણે લીધો. આ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, (4) NOW, ordinarily, at matter can not be said to be ready to be placed on the final hearing board till the date concerned accused against whom it is admitted is duly served and appears before the Court either personally or through his learned advocate. To this ordinary practice, one just and legal exception is carved out where the respondent when found to be absconding, and ultimately declared to be so by this Court there is indeed no question of serving any other notice upon him and matter can be said to be or deemed to be ready for all purposes. When accoused in one breath with manifest intention avoids service of notice upon him and successfully manages to do so, he in his second breadth cannot be heard in his absence when he was not duly served ... no person can be permitted to earn benefit out of his double standards- own wrong. In fact, under such circumstances not to enlist this appeal on the final haring board, would be to indirectly play in the hands of some tricky, scheming, mischievous respondent accused who is always and quite obviously and out and out interested in seeing that the matter does not reach the final hearing and thereby successfully avoid final judgment for quite some indefinite time passed against him apprehending that acquittal order if quashed and set aside, he would be at once convicated and sentenced for the alleged offences and accordingly forwarded to jail to serve out the imprisonment. Such deliberately created mischievous situation

where in accused illegally has the upper-hand is simply not permissible and cannot be countenanced that lightly. The principle of hearing the accused before any order of conviction and sentence is recorded illogical and absurd extent where he can bring the administration of justice to the grinding halt at his whims and caprice avoiding the notice to be served upon him keeping the Court at a safe distance, ultimately taking advantage of his own illegal absconsion. ઉપરોકત ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે કે, પોતાના ખોટા કૃત્ય નો લાભ આરોપીને મળી શકે નહી. આરોપી કેસ નો આખરી નિર્ણય ના આવે તે માટે ન્યાયીક પ્રક્રીયામાં ગેરહાજર રહી, ન્યાય વ્યવસ્થાની પ્રકીયા અટકાવી શકે નહી. આમ, પ્રસ્તૃત કેસ ની હકીકત લક્ષમાં લેતા, આ કેસમાં જે કોઈ પુરાવો નોંધવામાં આવેલ છે તે પુરાવા અંગે આરોપીએ ફરીયાદી ની ઉલટતપાસ કરેલ છે. આરોપી પોતાના પુરાવા ના તબકકે તેમજ દલીલના તબકકે ઈરાદાપુર્વક કેસની કાર્યવાહી વિલંબીત કરવાના હેતુથી ગેરહાજર રહેલ છે. આરોપીની ગેરહાજરી અંગે રેકર્ડ પર અન્ય કોઈ હકીકત આવેલ ના હોય તેવુ માનવા ને પુરતુ અને યોગ્ય કારણ છે. જે અંગે ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત લક્ષમાં લેતા, આરોપીને પોતાની ઈરાદા પુર્વકની ગેરહાજરીના કારણે કેસ ની ન્યાયિક પ્રક્રિયા અટકાવી શકાય નહી. આ કેસમાં આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શીક્ષાને પાત્ર ગુના નુ તહોમત છે. જે અંગે નામદાર સુપ્રિમકોર્ટે તેમજ નામદાર હાઈકોર્ટે અનેક ચુકાદાથી ઠરાવેલ છે કે, આ પ્રકારના કેસની કાર્યવાહીમાં આરોપીની હાજરી સિવાય પણ કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય છે તેમજ આ કાયદો મુખ્યત્વે દીવાની પ્રકારના અપકૃત્ય અટકાવી આર્થિક વ્યવહારો અંગેની શાખ જળવાય રહે તે હેતુ ઘડવામાં આવેલો છે અને તેમાં શિક્ષાત્મક જોગવાઈ રાખવામાં આવેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર, કાયદાનો હેતુ તેમજ ચુકાદાથી સ્થાપિત સિધ્ધાંત લક્ષમાં લેતા, આ કેસમાં આરોપીની ગેરહાજરી કેસ ની ન્યાયીક કાર્યવાહી અટકાવવા માટેનુ કોઈ કારણ નથી, તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે અને તે મુજબ ઠરાવવામાં આવે છે.

Addi. Chief Judicial Magistrate,
Halvad.

(૯) ફરીયાદપક્ષે ફરીયાદી મીલનભાઈ વૃજલાલ કોરડીયાનુ આંક–૪ થી સરતપાસનુ સોગંદનામુ નોંધવામાં આવેલ છે તેમજ આંક–૯ થી આંક–૧૯ સુધીના દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતા ફરીયાદીની હકીકતને સમર્થન મળે છે. આમ સમગ્ર પુરાવો ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદીનુ આરોપી પાસે કાયદેસરનુ લેણુ હોય તે પેટે ચેક આપવામાં આવેલ હોય તેવુ માનવાને કારણ છે. જયોર આરોપી પક્ષે કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષનો મૌખીક દલીલો અને દસ્તાવેજી પુરાવા આરોપીએ ધી નેગોશીયેબલ એકટની કલમ ૧૩૮ જે સજાને પાત્ર છે તે ગુનો કરેલ છે તેવુ ફરીયાદની હકીકતમાં ઠરાવવામાં આવેલ છે. આથી મુદા નંબર–૧ નો નિર્ણય હકારમાં કરવામાં આવે છે. ઉપરોકત ચોકકસ ચર્ચા કર્યા મુજબ મુદા નંબર–૧ અન્વયે ફરીયાદપક્ષ આરોપીની ઉપર તહોમત પુરાવાર કરેલ છે અને તેથી મુદા નંબર–૨ નો નિર્ણય નીચે મુજબ કરવામાં આવેલ છે.

**// હુકમ //**

૧. આથી, આરોપી મે. રવજીભાઈ પટેલ એન્ડ સન્સના પ્રોપરાઈટર, જયંતીભાઈ રવજીભાઈ પટેલ રહે. દર્શન ફુડ પ્રા.લિ., હરીપર રોડ, મું. મહુવા જી.ભાવનગર (આંક–૭ ની પ્લી મુજબ સરનામુંઃ– સર્વોદય સોસાયટી, મહુવા જી.ભાવનગર) ને સી.આર.પી.સી કલમ ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષા પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના બદલ એક (૧) વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો વધુ દિવસ–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીને એવો હુકમ ફરમાવવામાં આવે છે કે, સી.આર.પી.સી. ની કલમ ૩૫૭(૩) અન્વયે, તેઓએ આ કામના ફરીયાદીને ચેકોની મુળ રકમ રૂા.

૨,૬૪,૦૦૦/– ફરીયાદ દાખલ થયાની તારીખથી નાણા વસુલ થયા તારીખ સુધી વાર્ષિક ૬% નાં સાદા વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ ચુકાદાની એક નકલ સી.આર.પી.સી.ની કલમ ૩૬૩ અન્વયે આરોપીને વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપી સજાના હુકમની અમલવારી માટે હાજર ના હોય, સી.આર.પી.સી.ની કલમ ૪૧૮(૨) અન્વયે આરોપી વિરુધ્ધ સજાના હુકમની અમલવારી માટે બિનજામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવુ.

૬. આ કામે આરોપીને આંક–૨૩,૨૪ થી કુલ રૂા. ૩૫,૦૦૦/– નો દંડનો હુકમ કરવામાં આવેલ છે, જે આરોપીએ દિન–૩૦ માં આંક–૨૩,૨૪ નાં હુકમ મુજબ જમાં કરાવવા અન્યથા આરોપી સામે કાયદાની જોગવાઈઓ અન્વયે આ દંડની રકમ વસુલ કરવામાં આવશે.

આ હુકમ આજરોજ તારીખ ૦૮ માહે જાન્યુઆરી સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

હળવદ
તા.૦૮/૦૧/૨૦૧૯

(પી. ડી. જેઠવા)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
હળવદ.

Addi. Chief Judicial Magistrate,
Halvad.